# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ**–(૧)સમાન્ય વહીવટી વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૧૮.૧૦.૨૦૧૭ના જાહેર નામું.

## પરિપત્ર

**દિવાળીની રજાઓ જાહેરકરવા અંગે**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ/ સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૧૮/૧૦/૨૦૧૭ના જાહેરનામા મુજબ આગામી તા.૦૭/૧૧/૨૦૧૮, ૦૮/૧૧/૨૦૧૮ અને તા.૦૯/૧૧/૨૦૧૮ના રોજ દિવાળીના પર્વની રજા જાહેર કરેલ છે. કૃષિ યુનિવર્સિટીઓમાં અધિકારીશ્રી /કર્મચારીઓને વેકેશનની જોગવાઈ ન હોઈ જેના અનુસંધાને યુનિવર્સિટીના કર્મચારી / અધિકારીશ્રીઓ દિવાળીનો પર્વ પરિવાર સાથે આનંદ ઉલ્લાસથી ઉજવે અને વતનમાં જઈ શકે તેવા શુભ આશયથી દિવાળીના પર્વ દરમ્યાન માન.કુલપતિશ્રી ધ્વારા અન્ય જાહેર રજા ભરવાની શરતે નીચેની વિગતે રજા જાહેર કરવામાં આવે છે.

| **જાહેર કરવામાં આવતી રજાઓની તારીખ** | | **જાહેર કરેલ રજાઓના બદલામાં ભરેલ અને ભરવાની થતી રજાઓની તારીખો** |
|---|---|---|
| તા.૦૫.૧૧.૨૦૧૮ | સોમવાર | તા.૦૮.૧૨.૨૦૧૮ બીજા શનિવારની જાહેર રજા ભરવાની શરતે |
| તા.૦૬.૧૧.૨૦૧૮ | મંગળવાર | તા.૨૨.૧૨.૨૦૧૮ ચોથા શનિવારની જાહેર રજા ભરવાની શરતે |

દિવાળીની રજાઓના અનુસંધાને જો રાજય સરકાર દ્વારા ઉપરોકત બે દિવસો પૈકીની કોઈ એક દિવસની રજા જાહેર કરવામાં આવે તો તા.૨૨/૧૨/૨૦૧૮ (ચોથો શનિવાર) ના રોજ રજા ગણવાની રહેશે.

ઉપરોકત જાહેર રજાઓ દરમ્યાન ફાર્મ / ડેરી / લેબોરેટરી તથા અગત્યની આવશયક સેવાઓની કામગીરીને કોઈ અસર ન પડે તે હેતુસર જે તે યુનિટ / કચેરી કક્ષાએથી આયોજન પૂર્વક કામની યોગ્ય વ્યવસ્થા જે તે કચેરીના વડાએ અંગત ધ્યાન આપી કરવાની રહેશે. રજાના દિવસો દરમ્યાન કરવામાં આવેલ આયોજનની જાણ સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને કરવાની રહેશે.

સદરહુ પરિપત્ર અત્રેની શાખાની નોંધ ફાઈલ ઉપર મા. કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/** ૯૮૧૯-૯૯૨૮ **/૨૦૧૮**
**નવસારી. તારીખઃ**૨૯**/૧૦/૨૦૧૮**

R.M...
**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**<u>નકલ સવિનય રવાનાઃ–</u>**

(૧) નાયબ સચિવશ્રી (કૃષિ યુનિ.), કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગસચિવાલય, ગાંધીનગર.
(૨) સેકશન અધિકારીશ્રી, (ક.૨) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) મા.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ / જુનાગઢ / સરદાર કૃષિ યુનિવર્સિટી તરફ જાણ થવા સારૂ.
(૪) કુલસચિવશ્રી, આણંદ / જુનાગઢ / સરદાર કૃષિ યુનિવર્સિટી તરફ જાણ થવા સારૂ.
(૫) સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, સેકટર–૧૦–એ, કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારું.
(૬) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારુ.
(૭)નવસારી કેન્દ્રના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું

**<u>નકલ રવાના :–</u>**

સીકયુરીટી ઓફીસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.